શ્રી.

સતિ યમુના.

ત્રીઅંકી નાટકના ગાયનો

છપાવી પ્રસીદ્ધ કરનાર

શ્રી સુરત દેશી નાટક કંપની

આવૃતી ૧ લી   પ્રત ૧૦૦૦

સવંત ૧૯૬૫   સન ૧૯૦૯

સ્વદેશી છાપખાનુ બંદર રોડ કરાચી

મુલ્ય ૦—૨—૦

શ્રી નવીન

સતિ યમુના.

ત્રિઅંકી નાટકના ગાયનો

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્રી સુરત દેશી નાટક કંપની.

પ્રત ૧૦૦૦

આવૃત્તી ૧ લી

સ્વદેશી છાપખાનાના માલેક ભોળા સુરા મેઘજીએ છાપ્યું.

સંવત ૧૯૬૫ અને ૧૯૦૯

* * * *

કીંમત ૦-૨-૦

શ્રી નવીન.

સંતાપયમુના નાટકનો સંક્ષિપ્ત સાર,

અંક પહેલો,

પ્રથમ મંગળાચરણ—સુત્રધાર અને નટીઓ.

પ્રવેશ ૧ લે.—જુલ્મી જાલમસિંહ પોતાના જુના સેનાપતિને યમુનાને ઉપાડી લાવવા હુકમ કરવો સેનાપતી ના કહેતા તેને ઠાર મારવો નવા સેનાપતી રૂસ્તમ જમાનનું આવવું યમુનાના સમાચાર આપવા જાલમની ખુશાલી યમુનાનું હરણ કરવા બન્નેનુ જવુ.

પ્રવેશ ૨ જો—યમુના પોતાની સખીયો સાથે બગીચામાં ગરબો. ઉભય વચ્ચે જ્ઞાન ચર્ચા યમુનાનો જાલમ પ્રત્યે ધીકકાર જાલમનુ આવવુ યમુનાનું હરણ.

પ્રવેશ ૩ જો—સોની સુરજરામનો પોતાની સ્ત્રી ચંપાવિશે અફસોસ સામેથી ચંપા તથા જમાલને આવતાં જોઇ છુપાઇ જવું. ચંપાનુ જમાલખાંને લઇ આવવું પ્રેમ ચરચા સોનીનું જાહેર થવુ જમાલને જાજરૂમાં સતાડવો સોની બુમો મારી જમાદાર તથા શીપાઇને બોલાવવા. જમાલને બહાર કાઢવો, તમામના હાથમાંથી જમાલનુ છટકી ચાલ્યા જવું.

પ્રવેશ ૪ થો—અલકપુરીના રાજા અલકસીંહ પોતાના પ્રધાન સાથે જાલમ વિશે વીચાર દાશીનું આવવું. યમુનાના હરણ વિશે સમાચાર આપવા બાદ અમરસીંહનું આવવું. જાલમ તરફથી-કીલ્લો ઘેર્યાના સમાચાર આંપવા અલક સીંહની ગમગીની અમરનો જાલમ પ્રત્યે ગુસ્સો કીલ્લાને મજબુત બંધ કરી જયરાજની મદદ માગવાનો વીચાર કરી તમામનું જવું.

પ્રવેશ ૫ મો—જમાલખાં સોનારણ પ્રત્યે ધીકકાર આપતાં છાબણીમાં

જવુ એના પાછળ જમાદાર તથા બકકડ જહ્લુનુ જવુ'! ચં-
પા રૂપ રંગના વખાણ કરતા નીકળવુ' ડાકટર તથા ઝવેરીને ફ-
સાવવા વિચાર. ઝવેરી લલ્લુંભાઇનું આવવું બન્નેની વાત ચિત
ઝવેરીને ડબલુભાઇને ત્યાં તેડી જવાનુ' નકકી કરવુ' ઝવેરીનુ'જવુ
ચંપાનુ જવુ'.

પ્રવેશ ૬ ઠો—જાલમની ખાનગી કચેરી આતમરલાખાં તેજસી હનુ
આવવુ. જાલમ'ઉપર ધીકકાર જાલમનો ગુસ્સો તેજશી હને રા-
જયથી દુર થવાં હુકમ તેજસી હનુ' જવુ ગુણકાનુ' આવવુ
નાચરંગ ખુશાલી.

પ્રવેશ ૭ મો—તેજશી'હની અફસોષી સાધુ થવા વીચાર કરી ચાલ્યા
જવુ' રૂસ્તમ તથા જમાલનુ' આવવુ' ચંપા વીશે વાતચિત
રૂસ્તમ સરદારને ત્યાં લઇ જવા વીચાર કરી બન્નેનુ' જવુ'.

પ્રવેશ ૮ મો—યમુના અફસોષીમાં જાલમનુ આવવુ,પ્રેમ માગણી ય-
મુનાનો જાલમને ધીકકાર રૂસ્તમ જમાનને બોલાવી યમુનાને
કેદનો હુકમ રેણુકાનુ આવવુ' ઉભય વચ્ચે વાતચિત બાદ નાચ
રંગ.

પ્રવેશ ૯ મો—ડાકટરના ઘરમાં દરદીઓનું આવવું ચંપાનુ ઓ ચરીત્ર
લલ્લુભાઇ ડબલુભાઇની ધમાધમ આલ ગેપ બન્નેને અચ એ.

પ્રવેશ ૧૦ મો—અલકસિહ પોતાના લસ્કર સાથે વાતચિત બાદ કીલ્લા-
માં જવુ,' રૂસ્તમ જમાનનુ' આવવુ' તોપોનો મારો કીલ્લાંનુ
તુટવુ' અલકસીહ તથા અમરસી હનુ નાશી જવુ બાદ રાણીનુ'
લડવાઆવવુ' જાલમનુ આવવુ' રાણી તથા જાલમનું ; રૂણ યુધ્ધ
રાણીને કેદ પકડવી.

ટેબ્લો.

ડ્રોપ.

અંક ૨ જો

પ્રવેશ ૧લો—જયરાજ રાજા અબ્દુલ સીંહના માણસનું કાગળ લઈ આવવું કાગળ વાંચવો અને મદદે જવું

પ્રવેશ ૨ જો—વસંતીકાનું દેવી પુજને આવવું પુજા કરવી સખીઓ સાથે પ્રેમ વારતા વીનોદ સખીઓનું જવું અમરનું આવવું.

પ્રવેશ ૩ જો—ચંપા ડાકટર ડબલુભાઈ તથા જવેરી લલ્લુભાય નો માલ લઈ આવવું સોનીનું આવવું માલ બધો આપવો ને તેવીજ રીતે બીજો માલ લાવવા કહેવું અને છુટા ફરવાની પરવાનગી આપવી.

પ્રવેશ ૪થો —અલકમી વ પુત્ર, પુત્રી, વીગેરેની ચીન્તામાં નીકળવુ સાધુ રૂપે તેજસીંહે રાજાને સમજાવવો બાદ જવું

પ્રવેશ ૫ મો—વસંતીકા અમરનું આવવું ઉભય વચ્ચે પ્રેમ ચર્ચા

પ્રવેશ ૬ ઠો—યમુના જાલમનુ આવવુ યમુના પાસે જાલમની પ્રેમ માગણી યમુનાનો ઈન્કાર જાલમે રૂસ્તમને બોલાવી અજરને પકડી મંગાવવો અને મારવાનો હુકમ કરવો યમુનાનુ બેસુદ્ધ થવું.

રાણીનુ આવવું અજરને છોડી દેવા રાણીની આજીજી જાલમે નહી માનતા રાણીને મારી નાખવી રેણુકાનુ આવવુ અજરને છોડવા રેણુકાનું કહેવું જાલમે નહી માનતા ખીલો ઠોકી દેવો.

પ્રવેશ ૭ મો—લલ્લુભાઈ જવેરી તથા ડબલુભાઈના માલ જવાથી ગાંડા થઈજવું અને રખડવું જયરાજના લશ્કરની કુચ.

પ્રવેશ ૮ મો—સુરજરામ ચંપાનુ આવવું ને કોઈ બે આદમી આવ્યા છે એમ કહી સુરજરામને ઘરમાં મોકલવા રૂસ્તમ તથા જમાલનુ આવવું વાતચિત કરતાં તોટો તથા સોનાની લગડી લેવી અને સુરજરામે બુમ પાડવી ચંપાએ સ્ત્રી ચરિત્ર કરી રૂસ્તમને ઘટી લઈ દળવા બેસાડવો અને જમાલ પાસે દીવો પકડાવવો ડોશી મુછોવાળી દેખાવાથી સોનીનું દીવો લેવા જવું એટલે ચંપાએ બન્નેને

બહાર કાઢ્યા.

પ્રવેશ ૯ મો—જાલમ સ્વપ્નમાં બકેછે ત્યાં રેણુકા અને યમુનાનુ આવવું મહેલને આગ લગાડી ચાલ્યા જવું જાલમનુ ઉઠવું સીપાઇઓને બુમ મારવી કોઇ નઆવવાથી કુદી પડવું.

અંક ૩ જો

પ્રવેશ ૧ લો—સુરજરામ તથા ચંપાનું આવવું ને મળેલા માલ વેચવા સબંધી વાતચિત અને પછી સોનીનુ વેચવા જવું.

પ્રવેશ ૨ જો—વસંતીકા નાગરીને વચ્ચે હાસ્યવિનોદ અમરનુ આવવું ઉભય વચ્ચે પ્રેમ વિનોદ.

પ્રવેશ ૩ જો—જાલમને સોધવા નીકળેલો રૂસ્તમ પતો નહી લાગવાથી જયરાજની નોકરી કરવા વીચાર કરી જવુ બાદ યમુના રેણુકા યમુના અમર તથા અલકુંવરીનુ અફસોસમાં રેણુંકાએ ધારજ તથા પનો આપવો બાદ જવું.

પ્રવેશ ૪થો—ગાંડાથઇ ગયેલા લલ્લુભાઇ [illegible] વવુ પોતાનાં ગુમ થયેલા [illegible] રી જવુ બાદ હીરા પાના વેચવ [illegible] ળે. સ[illegible]નુ આવવું ને બુમ પાડતા જવુ.

પ્રવેશ ૫—જયરાજ બહાર રૂસ્તમજમાન [illegible]વવાના શીપાઇએ ખબર આપવા અંદર આવ્યા પછી કેટલીક વાતચિત કરી નોકરીમાં દાખલ થવુ અને જાલમને પકડવા જવું

પ્રવેશ ૬ ઠો જાલમ રેણુકાના વીચારમાં એવામાં સામેથી રૂસ્તમનુ આવવું જયરાજની નોકરી સ્વીકારવાથી જાલમે ઠપકો આપવો અને જયરાજને લડવા આવવા કહેવુ. અને જવું.

પ્રવેશ ૭ મો જયરાજ તથા અલકસીંહને શોધવા નીકળેલા

અમર તથા વસંતીકાનુ આવવું પ્રેમ વીનોદ ત્યા સીપાઇનુ આવવું સીપાઇએ કુમારને ઓળખવો અને યમુના તથા રાજાના ખબર આપી પોતાની સાથે લઇ જવા

પ્રવેશ ૮ મો સરૂપચંદ હીરા મોતીનો બજાર વધી જવાથી તેના વીચારમાં. એવામા એના ભાઇબંધ દેવીદાસનું આવવું ત્યાં હીરાપન્ના વેચવા નીકળેલા સોનીનું આવવું સરૂપચંદે તમારા હીરા પન્ના ખરીદવાછે કહી બેસાડવો એવામાં ડબલુભાઈ તથા લલ્લુભાઈનુ આવવું પોતાની કેશ બોક્સ તથા હીરા પાના ઓળખી તેને બઝી પડવું બધાની ધમા ધમ શીપાઈનું આવવુને બધાને લઇ જવા.

પ્રવેશ ૯ મો—જાલમ ગુફામાં રૂસ્તમનું આવવું બન્નેની લડાઈ રૂસ્તમનુ મરણ બાદ જયરાજ અલકશીંહ અને અમરશીંહનુ આવવું જાલમ સાથે લડાઇ જાલમનુ જયરાજને મારવા જતાં રેણુકાની પીસ્તોલની ગોળીથી જાલમનુ મરણ તેજશીંહનો સાધુના વેશમાં આવવુ યમુના અમરશીંહ અલકશીંહ વાગેરેનો આનંદ તેજશીંહના રેણુકાને બોધ રેણુકાનુ ચાલ્યા જવું તેજશીંહનો પરતાપથી નરકનો દેખાવ રાણુ અલકશીંહનો મોયા પુત્ર માટે શોક તેજશીહના પરતાપે સ્વર્ગમાં અજર તથા રાણીનો દેખાવ સરવની ખુશાલી સોની સુરજરામ ચંપા ડાકટર ડબલુભાઇ તથા ઝવેરી લલ્લુભાઇ દરેકને કેદી તરીકે હાજર કરવા અમરશીહના હાથથી ઇન્સાંફ ડબલુભાઈ તથા લલુભાઇને તેમનું સામાન સુપ્રત કરવું સ્રી કમાઇ ખાનાર સોની સુરજરામને તથા તેની આ ચંપાને દેહાન્ત દંડની શીક્ષા જયરાજના હાથથી વસંતીકાના અમરશીહ સાથે લગન યમુનાના જયરાજ સાથે અલકસીંહના હાથથી લગન અમરને રાજય સુપ્રત કરી અલકસીંહનો તેજસીંહ સાથે સાધુ થવા વીચાર અમરસીંહને રાજયાભિષેક છેવટનો આનંદ

પુરૂષ પાત્રો.

સુત્રધાર અને નટીઓ.

જાલમસીંહ… … ……કનકપુરના રાજા કનકસીંહનો પાટવી પુત્ર
ફરતમજમાન……… …નવો સેનાપતિ
અલકસીંહ… … … …અલક નગરનો રાજા
અમરસીંહ… … … .. } અલકસીંહના પુત્રો.
અજર … … … … … }
તેજસીંહ … … … …જાલમસીંહનો કાકો
જયરાજ … … … …અભય નગરનો રાજા
સુરજરામ… … … …સોની
જમાલખાં…… … …મીયાં
લલ્લુભાઇ…… … …ઝવેરી
ડબલુભાઇ…… … …ડાકટર

સ્ત્રી પાત્રો.

રાણી … … … … …અલકસીંહ રાજાની સ્ત્રી
યમુના… … … … …રાજા અલકસીંહનીપુત્રી જયરાજની સ્ત્રી
રેણુકા…… … … …જાલમની સ્ત્રી
વસન્તીકા… … … …અમરસીંહનીસ્ત્રી
ચંપા…… … … …સોની સુરજરામનીસ્ત્રી
સુંદરીકા … … … … } વસન્તીકાની સખીયો
નાગરીકા… … … … }

જુનો સેનાપતી, પ્રધાન, જમાદાર, ચીફકમાન્ડર, બડકંદાજ, મજુર, શીપાઇયો, દાસી, સખીયો, વીગેરે વીગેરે.

શ્રી નવીન સતી યમુના.

નાટકના ગાયનો.

અંક ૧ લો

મંગળા ચરણ—

સુત્રધાર— ૧

તું કર કૃપા કરૂણા નીધાનરે
બાળ જાણી, હેન્તે તારી, પાર ઉતારી, હે મોરારી
પીતાજી માથે ગંગા બીરાજી દુ:ખો હરી સુખ કરો
શુભ મતી આતી, દુરમતી બાળી,
હેજે તુતો તારી, મુઠ ધારી તું કર૦

નટી — ૨

ધન્ય એવી સતી રતીને ધન્ય ધન્યરે
હા..........ધન્ય ધન્યરે ધન્ય૦
ટેક જેને રાંખ્યો મનથી
પ્યાર અતિ થઇને તનથી
પાપી પુરાના-હાંરે જેવાના અંતે થવાનાં
કર્મ કરી નરકે જાશે રે
હા ....નરકે જાશેરે ધન્ય૦

જાલમસિંહ— ૩

ચાલો જટ પટ જટ પટ જઇને
તેને લપડ થપ્પડ દઇને
હું તો લટપટ સટપટ જઇને...ચાલો૦
હા હા હા
આવું યમુના પ્યારી લઇને
એને પ્રાંણુથી પ્યારી કરીને
આમા રીપુ જરામાં હણીને...ચાલો૦
હા હા હા

મ્હોટુ કેશ બળથી કમ્મર કસીને ધસીને
જઇને લાવું એક પળમાં સજ્જ થઇને—ચાલો૦

૪

સખીઓ— ગરબો.

જોને સખી પુનમ કેરો ચંદ્ર કાળજું કોરે છે
જોને અલી કદમ કેરાં ઝાડ કુસુમને દોરે છે

સાખી.

વન પંક્ષીઓ પ્રેમમા કે કારવ કરે મોર
મૃગ નિહાળે મૃગલી જેવો ચંચળ ચોર
જોને વ્હેની સંગે રમે, એતો અલી સંગે જમે,
ની મદન જંગે ભમે
આવજો વ્હાલમાં તો તેને રમાડું
મદન રસ તૃપ્ત થયે દુર હઠાડું

સાખી.

આવો વ્હેલા મહેલમાં હૃદય અતી મુંઝાય
ક્યોને રાતને ગોદમાં મદન અગન બુઝાય
આવોને, આવોને, આવોને, ઝટ મીયાના સંગમાં
રંગ રસ જાણો લાલા શીદને પીલોછો હાલા
ઝટ પટ આવોને વ્હાલા શીદ સતાવો બાલા
જોને અલી૦

યમુના— ૫

જારે જારે પાપી દુર દુર
જા જા દુર અરે કુર
શુર તારૂં જોયું મેતો પાપી—જારે૦

જાલમ— ગુમાની ઓ નારી તું તો બરેશું કાળ
હશે જાલમ જેને તું જાણુજે કાળ
મહા વિકાળ—

એને પળમાં તને લઇને જાશે,
ચલ ગુમાન, બેલગામ, ઓ નાદાન—જારે૦

ચંપા— ૬

આવો રસીલા જરા ધીરા છબીલા
મારા પ્રાણુથી પ્યારા દીલદાર આવો આમ
જાઓ જાઓ પ્રાણુ આવો જરા આમ

જમાલ—આયા દીલજાન મેં આયા દીલજાન—આવો૦

ચંપા— રંગ રસ લુટો વ્હાલા આવો શોક સરમાવો ઠાલા
શાને કરાવો કાલા વાલા,આવોરે રસીલા લાલા

જમાલ— આયા રસીલી જો મેરી દીલદાર—આવો૦

ચંપા— ૭

લ્યો દીલબર દારૂની પ્યાલી
હુતો આપું હેત કરીને, નાની પીયાલી છલો છેલ ભરીને
દારૂ કેરી તીખી તીખી મારે હાથે મજા લઇ
સજી લ્યો ઝાલી હાથ

જમાલ—ખડી રહે પીયારી મેરી, લાયે અબે હયાત
તુંહ મેરી જાન

ચંપા— આવો દીલબર આમ

જમાલ— કીધર (ચંપા) ઇધર—લ્યો૦

૮

જમાદાર	દેખ મહાજન પકડા ચોર
બકકડ જલ્લુ	માર મારી ઉતારો તોર
જમાદાર	મહાજન જાતુ રસીલા
	હાજર કરમે પકડા ચોર
સુરજરામ	રસી અબી લાતા હું.
	લ્યો એને કોપરાપાક—દેખ૦
જમાલ	જાને દોજી જમાદાર, ઇધર આકે આપ

સુનો મેરીબાત, ગબ્બા ગપ્પી કરતે હો
ઉલ્લુ જમાદાર
મેં ચલા.........ગુલડબા દેખ.

૯

અમરસિંહ...આદર સુખ દુઃખે સરખા કરીએ
ભક્તિ રીતી નાતી ધરીને ફરીએ
સુખથી મલકાય, દુખથી મુંજાય
એથી નતે જાય, એમાં ખરાબ થાય
આદર કરી ટેક ધરી—ટેક

૧૦

ચંપા— વાહ ચંપા યુકતી કરીતે આબાદ
કેવી રૂપાળી છું વળી નખરાળી છું-વાહ૦
જરમરીઆં જરે જયાં ઝટ પોચું હું ત્યાં
લટકેથી લોભાવું, મટકે મનાવું હું
જુકતી કરીતે આબાદ-વાહ૦

૧૧

દરબારીઓ—રહો અજર અમર આ અમરપતી
પ્રભુ પદપદ જે એ વિનતી—રહો૦
સુખ વઇભવને સંપતી આપો
ત્રીભુવન નાથે કષ્ટી કાપો
સ્થાપી, ઉથાપી, પ્રૌઢ પ્રતાપી,
દુશ્મનને દે શસ્ત્રથી કાપો
શાન્તી મતી, કાન્તી મતી, સુયશ પ્રિયા વરે
સુખદ સુરપતી—રહો૦

દાસીઓ—

૧૨

રંગર તું તો રસીલી છબીલી ભીંજનાર

જોબનકી માતી, ઝ્હોકીમાતી, મદમાતી,
મન બાળ નાર—તુંતો૦
અપનેજો અપને મંદીરસે નીકસી
હોડત ચુનાડ સારી હો નારી આઝી—નજર૦
પ્રિયા૦
નજર પીયાસે કરત ઠીઠોરી અપની અપની ફ્હાર
બીજળીજાન—રામ નગરકે બીચમે ચલી ચરમ તરવાર
મુરખ થેસો બચ ગય, ચાતુર ખાગઓ માર
લંગર૦

તેજસીંહ— ૧૩

આ જુવો જગતની રીત ભાઇરે, સાચો જોડા ખાયછે
સાચો જોડા ખાય જગતમાં, સાચે જોડા ખાયછે
આ જુઓ૦
હાજી બાજીપર રાજી થઇને જાજી કરે પતરાજીરે
જુઠો જમાનો જુઓ ભાઇઓ, સાચો જોડા ખાયછે
આ જુઓ૦

યમુના— ૧૪

કર કૃપા કુંજ વિહારી
કરી દયા સતીને લે તારી
બળી રાજા, કર્ણને બહુ બહુ તાવી
ખરી ભક્તિ તાપ તેતા દરશાવી
મુજને તારી, પાર ઉતારી
હેજે ઉગારી નાથરે—કર૦

વીજળી બાન— ૧૫

તીહાંરે ફાગન આઈ
આજ મોરે સયાં હાં............તીહાંરે૦
ઝીની ઝીની બુંદના ઝર મર વરસે
વીજળી ચ......મ......કે......રે હાં......તે૦
ચકવા ચંદન પ્યારસે રે રે કે મર જાય
બીન કદરીકો દીલ દીયા કોડી નહુ ન ... ...

લલ્લુભાઇ— ૧૬

અરે ઠબલુભાઈ આ શી નવાઇ
આતો ખોટી તમારી રીત ભાત
ઘરમાં ઘાડી કરોછો શું વાત
માણેક પાન્ના ઉંચો જાત
આપો નહિતો ખાશો લાત

ઠબલુભાઇ—હાયરે લુંટાયો, હાયરે ઠગાયો
પારકી કરીને પચાત
લજા –દુરથા–જા–જા–જા—અરે૦

અંક ૨ જો

જયરાજ— ૧૭

જઇને લઇને પળમાં
અસીઆં માગી જો જે પાપીકરૂર
કાપી નાખે પળ માંહી
તને પાપીઆ—
અભિમાની ગુમાની તેં
કીધી નાહાંની ખામી તેં—અસી લઇને૦
ધર્મ તજી અપ કર્મ ભજી

નીજ તુલ્ય વધારી મહામદમાપો
અંતમહત તણો કરીને
હરી સંત સુખો વસુધા મહીંવ્યાપે—લઇને૦

સખી— ૧૮

ચલો ચાલોને સહચરી આજ હર્ષ વધારીને
સૌ પુજન કેરૈસાજ કરમાં ધારીને
કુળ દેવી દેવાલય જઇને પુજન પ્રેમે કરીએ
ચરણ કમળમાં વંદન કરીને પાપ પુંજ પરહરીએ રે
ટેક ૦

મધ પુષ્પને ધુપ દીપ ફુલ તાંબુલ રાખો સાથ રે
વંદન કરી ઉપચાર સમર્પો સ્વતન કરો સંગાથ રે—હર્ષ૦

૧૯

જય જય જગદંબે ભવ ભય લયકરણી, હે ભવ ભય લય કરણી
હે અશરણની શરણી તાપંત્રય હરણી જય જય જય જગદંબે
અખીલ અવની તળમાંયે વરતી હર રમણી, તું વરતી હર રમણી
સેવક જન સુખ કરણી, તું અભરા ભરણી, જય જય જય જગદંબે
પળ પળ પાતક વિઘ્ન સરવે અપાર કરે, રે સરવે અપાર કરે
કરી કરૂના કર દ્રષ્ટી તે સૌ તુજ હરે જય જય જય જગદંબે

સખીએ— ૨૦

વાહ હણકો જબરો કરી
જાઓ શું કરી મદન નયન બાર
કરી હુમ હુમ હુમ—

વસંતીકા— ૧ સતાવો—ન રીઝાવો—ન મુંઝવો
હઠો દુર દુર

સખીઓ— ઉભીર ઉભીરે સખી તુંતો ઉભીર
વાણી તારી કાલી સખી વાહ વાહ
હોજે સંગે, રસીયો રંગ દેવી હજે

વસંતીકા—જા જા ચકેલી, બકે બકે છકેલી
વાણી લાગેછે અકારી
મને બાળો નહીં ઠાલી
મને લાગ્યો પીયુ પ્રેમ આ હા હા

૨૧

અમરસીંહ ગોરી જાલી હાથ તું શાને સતાવે
વસંતીકા સ્વીકારયા મેં નાથ મોતીના મબાવે
અમર દેખ કોઇ આવે સમે
લલના લજાવે જાલીહાથ.
વસંતીકા ચાલોને ઠગારા ઠાલા
વદે શું વીચારો વહાલા
વાતના છો ચોર
હસીને મગાવી માલા જાલી

સાખી

ગણ્યા ચરખ જ મુજને સ્વીકારી લ્યો નાથ
દુર સરવ શંકા કરી, નહી ખસેડો હાથ
જાલી

૨૨

ચંપા... મને બનારસ્યા નાકે મગાવી મંપોર ને જી
તમે પન્નાની વાડી ગઇને [illegible] જી
મોતી કેરો કંઠી કરી, સાહે જીવા હીરા [illegible]
બંગડીએ મણી મઢી.
ચંપાની જુઓ તમે પછી કમાઈ નાથજી

૨૩

અલકસીંહ... જીરૂની શ. દીન વીયોગે ફરી
વીસરે નહીં એ જરી જીરૂ૦

પ્રિયા પુત્ર મારા ક્યારે મળશે
હાય મુંઝાયો હરી   જુરૂ૦
યમુના સતિ પુત્રી મારી
મળશે ક્યારે હરી   જુરૂ૦
મારા પ્રતાપી અજર અમર
બતાવો મને હરી   જુરૂ૦

૨૪

વસંતીકા.. ઘુંઘટ પિય ધીમે ધીમે ધીમે ખોલ
પ્રેમ પીંજરના પોપટ પ્યારા મીઠું મીઠું બોલ-ટેક૦

સાખી

અન્ય નીશાતો અવશીએ અવશ્ય ઉતરનાર
પ્રેમ નીશાનો પળે પળે, અધીક અધીક વધનાર
વેણુ વગાડી મધુવન વ્હાલા કામણગારા ચોર
ઘેલી કરીને સંતાયો, પ્રેમ વિહારી મોર   ઘુંઘટ૦

૨૫

વસંતીકા— આવો મેમાન મારા પ્રાણથી પ્યારા;
આવોને આમ જરા આવોને આમ
અમર... શું છે ત્યાં કામ જવુ છે મુકામ
વસંતીકા... આવી બેશી રંગ ઉડાવી
જુવો નવેલી ત્યાં ખીલેલી
અમર... સીદને સતાવો આમ   આવો૦

૨૬

યમુના શામળીઆ સંભાળે સંતને પ્રેમભક્તિ ભાવેરે
જ્ઞાનતણા ગીરીવર પર ચઢીને પ્રેમ લક્ષણા લાવે
નારદના અરયાદ ન માની કુબેર સુત બે કામીરે
શ્રાપ મિષે શ્રી હરી મેળવ્યા, હરખ્યા ભક્તિ

પામીરે ટેક૦

ચંદ્ર હાસ પ્રહલાદ ધરૂવને પ્રભુ પધરાવીયા પ્રીતે
અજા મેળ ઉગારીયો અદકો ચત્રુભુજે ખરી ચીતે
સાચાનો સામળીઓ તું છે, ભકત.ધિન ભગવાનરે
સતી તણો સહાયક તું છે, પતીત પાળજે માનરે
શામળીયો૦

૨૭

અજર— માટી વીનતી સાંભળરે ગોપાળ
દશા આશી કરી
સતિને તારી પાર ઊતારી
લેજે તેની સંભાળ દશા
અતિ કીમતી સુંદર રૂપ ભુપાળ દશા૦
ભકિતને ભાળી લેજે તું તારી
હેજે દયા કૃપાળ દશા૦

૨૮

લશ્કર— શુરવીર વીરો ચાલો રણુ ધારો
રણુમાં રીપુને લઇ ફ દમાં
પાપીયાને પહોંચાડો પાર પાર પાર
જયરાજ...ઝટ ચાલો રણુ મલો પ્રાણુ પાપીના ઢયો
શસ્ત્ર સમારી સજજ થઇ ચાલો—ટેક૦

૨૯

રૂસ્તમજમાન...બાઊચી તુ ગારે ર ગા શેરીઆ ગપુ
શેરીઆ ગપુ રૂસ્તમ શેરીઆ ગપુ...ટેક૦
જુમનાકી નીર તીરે ટીકરી ચરાવે રામજી
ટીપરી બજાવે રૂસ્તમ શેરીઆ ગપુ . બાઊચી૦
જમાલ... ગપુ ગપુ કયા કરતે હો સુનો મેરી બાત
તેરે ખાતર ઘઘરા પહેના દેખો મેરા ઠાઠ
બાઊચી રૂસ્તમ દેખો મેરા ઠાઠ...બાઊચી૦

ચંપા— ૩૦

આજ ચંપાની જુઓ કમાઇ વ્હાલા

જુઓરે મોટાં સુનાની લગડી

આ દાગીના ઘડીને દયો...આજ૦

સુરજરામ... લાવ પીયારી ઘડા દાગીના તને શણગારે

ચંપા... ના અ હં હં હં હં ના

સુરજરામ...ઠગે છે ખાલી શીદને વ્હાલી

ચંપા... વ્હાલા લીયોને આ સોનાની લગડી—જુવોરે૦

અંક ત્રીજો

સખીયો— ૩૧

ઓન વેલી મદે છકેલી

શીદ ઝુરેછે આમતું

રશીયો આવે, રંગે રીઝાવે

શીદને ખાલી, સંતાપ કરે

વસંતીકા— જાઓ ખાલી શીદને સતાવો

અલીજા, નાગરીકા, સાગરીકા

ઝટ જઇ તેડી લાવ

સખીયો— વાહ વાહ વાહ

વસંતીકા ૩૨

હાંરે વ્હાલા લાલા

રશીક પ્રાણ મારા

સ્વીકારો અરજ ઉરે ધરી

અમર— પધારો પ્રિતી ધરી

વસંતીકા— નાથ હર્ષે વરી—વ્હાલા૦

સાખી.

તન મન ધન અરપણ કરયું જાણી જીવન નાથ

પ્રેમ પાત્રમે પરખીઆ, ફરીશું ઝાલી હાથ

અમર— સુખ સાધનતું સુદરી, યુવતી જોબન જંગ

પ્રિતી સહ મળી વીચરીએ, જોતાં સુવરણ મયરંગ

વ્હાલા૦

૩૩

યમુના }
રેણુકા } કોઇ અમને કૃષ્ણ મીલાવોરે મધુવનમાં
વરીષ્ટ વનમારે ઓધ કુંડમાં, ચાલો નંદન વનમાં
સતી જુરે અતી દુઃખ મારે
એને આસુ ભર્યા લોચનમાં—નંદન૦

જયરાજ

૩૪

વીશ્વમંહી વીચરો સદા, કરો સ્વધર્મ પ્રકાશ
સુ રીત નિત નિત વિચરે, થાય સ્વધર્મ પ્રકાશ
ધન્ય છે એ વીરલા નરને—
કરો વિજય વિભુ સ્હાય થઇ, નિત્ય એ ધર્મી નરને
કરમહી ધર્મ અસીધારા વિચરે ધન્ય તે નરને
પર દુઃખ ભંજન વિરલા નરના, તાપ ત્રિવીધ ટળશે-ધન્ય

૩૫

સરૂપચંદ }
દેવીદાસ } હીરા લેતાં, પન્ના ખરીદતાં, જુઓ
ફજેતી થઇરે બાપલીયા

લલ્લુભાઇ— એજ મારૂં જવેરાત
ડલ્લુભાઇ— એજ મારી કૅસ બોકસ
સુરજરામ— ધરડે ઘડપણ ચોરી કરીને
ઇજતના કીધા કાંકરા
શીપાઇ— ચાલો તમે ઝટ દરબાર
લલ્લુભાઇ— હીરા લઉં
ડબલુંભાઇ— ડબ્બો લઉં આગળ થાતું ઓ ડોકરા

૩૬

સરવનું... વિભુવર, ગીરીધર, મુરહર, કરજો
અમર પતીપર મ્હેર
મોદમ નાની કે હર્ષે હડાવી
શસ્ત્ર સતાવીકે કાપી ઉથાપી
લાલન પાલન કરજો હરી (૨)
સાનીધ, નીધપ, ધપમ ,પમગ
મગરે, ગરેસા, સા સા સા

સમાપ્ત.

જાહેર ખબર.

અમારી શ્રી સુરત દેશી નાટક કંપનીમાંથી ન મુજબ નાટકનાં ગાયનોની ચોપડીઓ મળે છે માટે જેને જોઈએ તેમણે નાટક કંપનીનો મુકામ જ્યાં હોય ત્ય મંગાવી લેવી.

પ્રેમમા વ્હેમ	૦-૨-૦
પારસ-મણી	૦-૨-૦
લલિત-મુગ્ધા	૦-૨-૦
ઓખા-હરણ	૦-૨-૦
નુગરો-સાપ	૦-૨-૦
તુલસીદાસ	૦-૨-૦
નવલ-ગંગા	૦-૨-૦
અભિમાન્યુ	૦-૨-૦
સરસ્વતિચંદ્ર	૦-૨-૦
સ્વર્ગનીસુંદરી	૦-૨-૦
સતી યમુના	૦-૨-૦